THEOSOPHIC JYOTI (Gujarati Monthly) RNI Registration No. GUJ/GUJ/2015/71878 Dated : 24-05-2017
Published on : 10th Date of every month

सत्यान्नास्ति परो धर्मः तमसो मा ज्योतिर्गमय

આધ્યાત્મિક આંતરદૃષ્ટિ પ્રેરતું પોષતું અને પ્રફુલ્લાવતું સામાયિક

ગુજરાત થિયોસોફિકલ ફેડરેશનનું મુખપત્ર

# થિયોસોફિક જ્યોતિ
# THEOSOPHIC JYOTI

Editor : Harshavadan M. Sheth

Year-6 February - 2021 No. 45

## અનુક્રમણિકા


| | | |
|---|---|---|
| 1. | અડયાર, જે કૃષ્ણમૂર્તિ અને આપણા વીરાબેન દસ્તુર.....શ્રી હર્ષવદન શેઠ | 3 |
| 2. | ગિરિ-તળેટીથી.....શ્રી નરેશ એ. ત્રિવેદી | 5 |
| 3. | ધી હિડન સાઈડ ઓફ ધી થીંગ્સ.....શ્રી ધવલ શેઠ | 9 |
| 4. | બિન સાંપ્રદાયિકતા (Secularism).....પ્રો. એચ.જી છીંકણીવાળા | 11 |
| 5. | સંતોષ એટલે કુદરતી સંપત્તિ અને આર્શીવાદ.....શ્રી કાંતિભાઈ પટેલ | 14 |
| 6. | હાર્દિક અભિનંદન તથા મહાસૌજન્ય ..... | 16 |
| 7. | પ્રાર્થના.....શ્રી કનુપ્રસાદ પાઠક | 17 |
| 8. | શ્રદ્ધાંજલિ ..... | 18 |
| 9. | શાખા સમાચાર ..... | 19 |
| 10. | આપણો પુસ્તક પ્રેમ ..... | 20 |


Price : Rs. 5/- • Yearly Subscription : Rs. 50/- (In India) • Published & Printed at : Ahmedabad

આ માસિકમાં પ્રગટ થતી માત્ર અધિકૃત જાહેરાતો માટે જ ગુ. થિ. ફેડરેશન જવાબદાર છે. — તંત્રી

# થિયોસોફિકલ સોસાયટીના ત્રણ ઉદ્દેશો

(૧) પ્રજા ધર્મ જ્ઞાતિ, જાતિ, વર્ણ કે રંગના ભેદભાવ રાખ્યા વિના માનવજાતિનું વિશ્વબંધુત્વનું એક કેન્દ્ર રચવું.

(૨) તુલનાત્મક રીતે ધર્મ, તત્વજ્ઞાન અને વિજ્ઞાનના અભ્યાસને સમગ્રતાની દ્રષ્ટિએ ઉત્તેજન આપવું.

(૩) કુદરતના નહિ સમજાએલા નિયમોનું અને મનુષ્યમાં રહેલી સુષુપ્ત શક્તિઓનું સંશોધન કરવું.

## ગુજરાત થિયોસોફિકલ ફેડરેશન

હરજીવન હેડ ક્વાર્ટર્સ, "હોમી હાઉસ" ૧૫૧૬, કૃષ્ણનગર, ભાવનગર-૩૬૪ ૦૦૧.

### ફેડરેશન હોદ્દેદારો

પ્રમુખ : **શ્રી નરેશભાઈ એ ત્રિવેદી** ઉપપ્રમુખ : **શ્રી કાન્તીલાલ પી. પટેલ**

મંત્રી : **શ્રી દર્શનભાઈ સી. મોદી** સહમંત્રી : **શ્રી વલ્લભભાઈ રાખોલીઆ**

ખજાનચી : **શ્રી રમેશચંદ્ર ડોલીઆ**

**ફેડરેશન દ્વારા પ્રગટ થયેલાં પુસ્તકો મેળવવા માટે લખો.**

**બુક સ્ટોલ મેનેજર**

**શ્રી પ્રવિણભાઈ માંડલિયા, ભાવનગર લોજ, મો. : ૯૪૨૬૧૬૪૫૫૭**
**"હોમી હાઉસ" ૧૫૧૬, કૃષ્ણનગર, ભાવનગર - ૩૬૪ ૦૦૧.**

| | |
|---|---|
| નવા સભ્ય પ્રવેશ ફી | રૂ.૧૦૦/- |
| સભ્ય ફી | રૂ.૧૫૦/- |
| દંપતિ સભ્ય ફી | રૂ.૨૨૫/- |
| ૨૫ વર્ષથી ઓછી ઉંમરના સભ્ય ફી | રૂ.૭૫/- |
| લાઈફ મેમ્બર ફી | રૂ.૩૦૦૦/- |
| ઈન્ડિયન થિયોસાફીસ્ટ | રૂ.૩૦/- |
| થિયોસોફિક જ્યોતિ | રૂ.૧૦/- |

## ફેડરેશન મંત્રીનું સરનામું

ફેડરેશન અંગેનો કોઈપણ પત્રવ્યવહાર કરવા માટે

**શ્રી દર્શનભાઈ સી. મોદી**

એ/૨, મમતા કોમ્પ્લેક્ષ, ન્યુ મૃદુલ પાર્ક—૧,
સોલા રોડ, અમદાવાદ — ૩૮૦ ૦૬૧
**મો.નં. ૯૪૨૭૩ ૧૧૯૫૪**

### થિયોસોફિકલ સેવાસંઘ (T.O.S.)

અંગે પત્રવ્યવહાર

**શ્રી નરસિંહભાઈ એ. ઠાકરીયા**
**એ/૩૦૧, સનાઈ રેસીડન્સી, પરશુરામ ગાર્ડન સામે,**
**અડાજણ, સુરત-૩૯૫૦૦૯**
**મો : ૯૪૨૬૩ ૬૨૨૫૩**
**(રહે.) ૦૨૬૧-૨૭૪૬૭૨૨**

**"થિયોસોફિક જ્યોતિ"ના લવાજમના દર**

| | |
|---|---|
| ભારતમાં (વાર્ષિક) | રૂ.૫૦/- |
| ભારતમાં આજીવન (મર્યાદા ૧૦ વર્ષ) | રૂ.૧૦૦૦/- |

**"થિયોસોફિક જ્યોતિ" માટે જાહેરાતના દર**

(એક વખત પ્રસિદ્ધ કરવા માટેના દર)

| | |
|---|---|
| અંદરનું કવર પેજ ટાઈટલ પાનું નં.૩ | રૂ.૬૦૦-૦૦ |
| અંદરનું આખું પાનું | રૂ.૫૦૦-૦૦ |
| અંદરનું અડધું પાનું | રૂ.૩૦૦-૦૦ |
| સૌજન્ય પૃષ્ઠ | રૂ.૫૧-૦૦ |

ઉપરોક્ત જણાવેલ દાન, ભેટ કે જાહેરાતનાં નાણાં **'જી.ટી.એફ. જ્યોતિ પ્રકાશન ફંડ'** એ નામે મનીઓર્ડર કે ડીમાન્ડ ડ્રાફ્ટથી તંત્રીશ્રીના સરનામે મોકલવા અથવા નીચે જણાવેલ બેન્ક એકાઉન્ટમાં જમા કરાવીને તંત્રીશ્રીને જાણ કરવી. જ્યોતિના ટપાલ સરનામાં તથા નિયમિત મળવા અંગેનો પત્રવ્યવહાર પણ નીચે જણાવેલ સરનામે કરવો :-

**શ્રી હર્ષવદન એમ. શેઠ**

'શ્વેત પદ્મ' ૯, અપૂર્વ બંગલોઝ,
શારદા હાઈસ્કુલ પાછળ, ભૂયંગદેવ પાસે, મેમનગર,
સોલા રોડ, અમદાવાદ - ૩૮૦૦૫૨.
**મો. — ૯૮૨૪૦૭૩૬૭૮, ૯૦૧૬૨૨૪૮૨૫**
E-mail-harshavadan_sheth@yahoo.co.uk

**GTF Jyoti Prakashan Fund**
Central Bank of India
(Sardarnagar Area Branch, Bhavnagar, 01360)
A/c. No. 1871957084
IFSC : CBIN0281360

**નોંધ : આ અંકમાં પ્રસ્તુત થતાં લેખો સાથે તંત્રીશ્રી સહમત છે તેવી માન્યતા ધરાવવી નહીં.**


# અડયાર, જે કૃષ્ણમૂર્તિ અને આપણા વીરાબેન દસ્તુર

સંપાદકીય

પ્રસ્તુતિ
શ્રી હર્ષવદન શેઠ



થિયોસોફિકલ સોસાયટીનું આંતરરાષ્ટ્રીય મથક



અડયાર આપણા સર્વે સભ્યો માટે એક વિશેષ સ્થાન છે. તેના બાગીચાઓની શાંતિપૂર્ણ સુંદરતા સાથેનું આધ્યાત્મિક વાતાવરણ કોઈ થાકેલ મુસાફર (અભ્યાસુ શિષ્ય) માટે પવિત્ર આશ્રયસ્થાન બની ગયું છે. અડયારના દરવાજા ઉપરથી ચાલતાં લોકોને ઘણીવાર એવું લાગે છે કે જાણે તેઓ કોઈ અલગજ દુનિયામાં આવી ગયા છે. વાતાવરણ બદલાય છે અંદર અને બહાર સ્થિરતા અનુભવાય છે. અરે, રખડતાં ઢોરો માટે પણ તે એક પવિત્ર આશ્રયસ્થાન બની ગયેલું છે ! જે કોઈ ચિંતાઓ, વ્યર્થ આકાંક્ષાઓ મનને પજવી ને અશાંત બનાવતી હોય તે સર્વનો અડયારની પવિત્ર ભૂમિ પર પગ મૂકતાં જ અંત આવી જાય છે. અનુભવ કરવા જેવો છે !

અત્યંત સ્પષ્ટ છે કે શા માટે સ્થાપકોએ તેમનાં મુખ્ય મથક માટે આ ખાસ ભૂમિની પસંદગી કરેલી છે. મદ્રાસ શહેર ઘોંઘાટ, પ્રદૂષણ અને અંધાધૂંધી થી ઘેરાયેલું છે; તેમ છતાં અડયારના દરવાજાની અંદર પવિત્રતા, સુંદરતા અને શાંતિની ગુણવત્તા હજીયે જળવાયેલી જ છે ને ! માટે જ ૧૭મી ફેબ્રુઆરી એ ‘અડયાર ડે’ તરીકેની ઉજવણી સહજ બનેલી છે.

મૂળરૂપે ૧૭મી ફેબ્રુઆરી ‘ઓલ્કોટ ડે’ તરીકે જાણીતો હતો. કર્નલ ઓલ્કોટના પાર્થિવ દેહની અંતિમ સંસ્કાર વિધિ ૧૯૦૭માં અડયારમા કરવામાં આવી તે દિવસે દર વર્ષે સભ્યો અંતિમ સંસ્કારના સ્થળે ભેગા થતાં. પુષ્પો અર્પણ કરતાં અને શ્રધ્ધાંજલિ વ્યક્ત કરવામાં આવતી.

૧૯૧૬ સુધીમાં પરંપરા બદલાઈ ગઈ. અડયારના મુખ્ય મથકના હોલમાં મેડમ બ્લેવેટ્સ્કી અને કર્નલ ઓલ્કોટની પ્રતિમાની આસપાસ તે કેન્દ્રિત થઈ ગઈ. વોચ ટાવર માર્ચ-૧૯૧૬ની નોંધમાં ડૉ. એની બેસન્ટ લખે છે :

“ઓલકોટ ડે, ફેબ્રુઆરી ૧૭, જેને ભારત અને સિલોન કહેવામાં આવે છે, તે હેડક્વાર્ટર ખાતે રાબેતા મુજબ રાખવામાં આવ્યું હતું. અમે સવારે ૭:૧૦ વાગે મોટા હોલમાં એકઠા થયાં અને બગીચાની સામે એક વિશાળ અર્ધવર્તુળમાં ઊભા રહ્યા જ્યાં આપણા સ્થાપકોની મૂર્તિઓ છે.”

બેસન્ટનીનોંધ મુબજ : સવારે ૭:૧૭ વાગે, ઓલ્કોટના અંતિમ શ્વાસનો સમય હતો ત્યારે પ્રમુખ

**જેસલરાજ રાજેશકુમાર ઠાકરિયાને અમેરિકાની કંપનીમાં જોબ મળ્યાની ખુશી નિમિત્તે**
**સૌજન્ય : શ્રી નરસિંહભાઈ ઠાકરિયા, સનાતન લોજ, સુરત**

બેસન્ટ બોલ્યા હતા. ત્યારબાદ વિવિધ ધર્મોના પ્રતિનિધિઓએ પ્રાર્થના કરીને શ્રધ્ધાંજલિ વ્યકત કરી. છેવટે ઓલ્કોટના સેવકથી લઈને હેડક્વાર્ટરના સફાઈ કામદારો સુધી બધાએ શાંતિમય રીતે ફુલો ચઢાવ્યા અને આભાર વ્યક્ત કર્યો. આ પરંપરા આજે પણ ચાલુ છે.

તો પછી 'ઓલ્કોટ ડે' 'અડયાર ડે' કેવી રીતે બન્યો ? 'થિયોલોફિકલ મેસેન્જર'ના ૧૯૨૮ના એક લેખ મુજબ, આ પ્રક્રિયા ભૂતપૂર્વ પ્રમુખ (યુનાઈટેડ લોજીસ) ડોરા કુંઝના પતિ ફ્રિટ્ઝ કુંઝથી શરૂ થઈ. ભારતમાં લાંબા સમય સુધી રોકાયા પછી ફ્રિટ્ઝ યુનાઈટેડ સ્ટેટ્સ પાછા ફર્યા. તેમને સમજાયું કે અડયાર આપણા બધાની માતા છે. તેનું સંવર્ધન જરૂરી છે.' તેથી તેમણે ૧૯૨૨ માં 'અડયાર' ફંડની કલ્પના કરી. અડયાર માટે ભંડોળ એકત્ર કરવા અને ઈમારતોના નિર્માણમાં મદદ કરવા માટે અડયાર સમિતિની રચના કરી. પ્રથમ અનિધિકૃત 'અડયાર દિવસ' ૧૭ ફેબ્રુઆરી ૧૯૨૩ના રોજ યુનાઈટેડ સ્ટેટ્સમાં ઉજવવામાં આવ્યો હતો. અહીંના સભ્યોએ વિદેશ મોકલવા માટે પૈસા એકઠા કર્યા હતા.

વળી ૧૭મી ફેબ્રુઆરી ૧૬૦૦ની સાલમાં પાયાથાગોરાસના વિદ્યાર્થી જિઓર્ડાનો બ્રુનો ને જીવતા સળગાવી દેવાની સજા થયેલી. ડૉ. એની બેસન્ટ જીઓર્ડાનો બ્રુનોનો જ પુનર્જન્મ હતા. ૧૭મી ફેબ્રુઆરીએ ચાર્લ્સ ડબલ્યુ લેડબીટરનો જન્મ થયો હતો. અને ૧૭મી ફેબ્રુઆરીએ જે.કૃષ્ણમૂર્તિએ આ વિશ્વમાંથી વિદાય લીધી.

૧૯૨૫મા મેડમ ડી.મંઝીઆર્લી નામના ફ્રેન્ચ મહિલાના સૂચન પછી ૧૭મી ફેબ્રુઆરી ને 'અડયાર ડે'ની ઉજવણી માટે એક વિશેષ પત્રિકા એસ્ટેટના સુંદર ફોટાઓ (શ્વેત-શ્યામ) સાથે પ્રકાશિત કરવામાં આવી.

આજે, અડયાર ફંડ ઘણા સભ્યોના ઉમદા દાનને આભારી છે. 'અડયાર દિવસ' ફક્ત ફંડ એકઠુ કરવા માટે જ નથી પરંતુ જેઓએ થિયોસોફીને પોતાનું જીવન સમર્પિત કર્યું. અને જેમણે આપણને અડયારની ખૂબજ ખાસ ભેટ આપી તેમને યાદ કરવાનો અને આભાર માનવાનો દિવસ છે 'અડયાર ડે'નો ફાળો લોજમાં ઉઘરાવીને સીધોજ અડયાર મોકલાવી શકો છો.



ગુજરાત થિયોસોફિકલ ફેડરેશનના અનોખા, અદ્વિતીય અને અદમ્ય સાહસિક કુ વીરાબેન દસ્તુરનું ૭ મી ફેબ્રુઆરી ૨૦૦૧ માં નિધન થયેલુ. ગુજરાત અને અડયાર વચ્ચે એક સેતુ સમાન હતા. તત્કાલિન આંતરરાષ્ટ્રીય પ્રમુખ શ્રીમતિ રાધા બર્નિયર તેમને માટે ખૂબજ આદર ધરાવતા હતા. યુવા કાર્યકરો માટે પ્રેરણારૂપ હતા. સહકાર્યકરો સાથે કાર્ય કરવાની કુશળતા અદ્ભુત હતી. ૨૦૦૫ માં ૯ મી ફેબ્રુઆરીએ 'વીરાબેન સ્મૃતિ શિબિર'ના ખાસ મહેમાન બનેલા રાધાબેને તેમને અંજલિ આપતા જણાવેલું, "I have a feeling of closeness withVeera. Her willingness to do Society's work is unique. I pay my respect and send my affection to her wherever she is." (''વીરા સાથે મારી એક આત્મિયતા જોડાયેલી છે. સોસાયટીનું કાર્ય કરવામાં તેમની દૃઢતા વિશિષ્ટ છે. હું મારી શ્રધ્ધાંજલિ અર્પૂ છું. તેઓ જ્યાં પણ હોય તે માટે મારો પ્રેમ વરસાવું છું.'')

રોહિત લોજ તથા અન્ય લોજો દ્વારા તેમની સ્મૃતિમાં ફેબ્રુઆરી માસમાં 'વીરાબેન સ્મૃતિ શિબિરો'નું આયોજન કરવામાં આવેલ. ભવિષ્યમાં પણ કોરોના મુક્તિ બાદ આવી શિબિરોનું આયોજન થશે તેવી આપણે આશા વ્યક્ત કરીએ છીએ... સર્વે સભ્યો તથા કુટુંબીજનો તંદુરસ્ત રહે તેવી ગુરુદેવોને પ્રાર્થના સાથે વીરમું છું... અસ્તુ !

# ગિરિ-તળેટીથી

પ્રસ્તુતિ
શ્રી નરેશ એ. ત્રિવેદી
ગુ. થિ. ફે. પ્રમુખ

જો કે થિયોસોફીની કોઈ ચોક્કસ વ્યાખ્યા કરી શકાય નહિ. પરંતુ થિયોસોફી એટલે બ્રહ્મવિદ્યા. આ બ્રહ્મવિદ્યા શું છે ? જે વિદ્યા પામવાથી વ્યક્તિ બ્રહ્મને પામી શકે, જે વિદ્યા પામવાથી વ્યક્તિ જન્મ-મૃત્યુના ફેરામાંથી મુક્તિ પામે, કે અમરત્વને પામે, જે વિદ્યા પામવાથી પછી બીજુ કાંઈ જાણવાનું બાકીના રહે, તે વિદ્યા એટલે બ્રહ્મ વિદ્યા. એવું કહેવાય છે કે ''सा विद्या या विमुक्त ये'' એ વિદ્યાજ વિદ્યા છે જે સર્વ બંધનોમાંથી એટલે કે બંધનમાત્રથી મુક્તિ અપાવે. બ્રહ્મવિદ્યા અને ભૌતિકવિદ્યા એક બીજાની વિરોધી નથી. આ બન્ને વિદ્યા એક બીજાની પૂરક અને સાધક છે. બ્રહ્મવિદ્યા વિનાની વિદ્યા માણસને માણસ બનાવતી નથી. બૌધિક રાક્ષસ બનાવે છે, ઉપભોક્તવાદી બનાવે છે. અને કોઈપણ ઉપભોક્તાવાદી શોષક અને હિંસક જ હોવાનો. જ્યાં શોષણ અને હિંસા હોય ત્યાં સત્ય નથી. ત્યાં ધર્મ નથી, ત્યાં ન્યાય કે પ્રેમ નથી. જેમ હાથીના પગલામાં બધાના પગલા આવી જાય તેમ બ્રહ્મવિદ્યામાં ભૌતિક બધી વિદ્યા આવી જાય પણ માત્ર વિદ્યામાં બ્રહ્મવિદ્યા ના આવે. આજનું શિક્ષણ તો રોટી, કપડા અને મકાન માટે હોય તેવું થઈ ગયું છે. જીવનને યંત્ર બનાવી દીધું છે. તેમાં માનવીના વિકાસની કોઈ વાત નથી. તેથી માણસમાં વ્યક્તિમાં-માનવતા રૂપી પુષ્પની ખીલવણી કરવી હોય તો માત્ર બ્રહ્મવિદ્યાનો અભ્યાસ જ ઉપયોગી થાય. બ્રહ્મ વિદ્યાજ પરમ સત્-અંતિમ સત્‌ના દર્શન કરાવી શકે.

આપણી થિયોસોફિકલ સોસાયટીની ભવ્ય ઈમારત આજે ૧૪૫ વર્ષે પણ અડીખમ ઊભી છે. તેના બે મજબુત આધાર સ્તંભને કારણે. એક છે સોસાયટીના ત્રણ ઉદ્દેશો અને બીજો સોસાયટીનો મુદ્રાલેખ ''There is no religion higher than Truth'' સત્યથી મહાન બીજો કોઈ ધર્મ નથી. તો આ સત્ય એટલે જેને આપણે સાચુ-ખોટું કહીએ છીએ તેવા સાચાની અહીં વાત નથી. અહીં પરમ સત્‌ની વાત છે, અંતિમ સત્‌ની વાત છે. બ્રહ્મવિદ્યા (Theosophy) પરમ સત્‌ની વાત કરે છે. શાસ્ત્રમાં કહે છે કે 'ત્રિકાલેપિતિષ્ઠતિ ઈતિ સત્' જે ત્રણે કાળમાં અખંડ અસ્તિત્વ ધરાવે છે તે સત્ એટલે કે ભૂતકાળમા હતું. ભવિષ્યમાં રહેશે અને વર્તમાનમાં છે તે સત્. આવું અપરિવર્તનીય છે, એટલે કે એમા કોઈ જાતના વિકારને અવકાશ નથી. તેને આદિ કે અંત નથી. તેને સ્થળ કે સમયની સીમા નથી, જે અસીમ છે, જે સર્વત્ર વ્યાપ્ત છે, તે સત્. આ અંતિમ સત્‌ને આપણે બ્રહ્મ કહીએ છીએ, જે અદ્દષ્ટ છે છતાં તેનો અનુભવ કરી શકાય છે. આ બાબત ભગવાન શંકરાચાર્ય કહે છે ''બ્રહ્મ સત્ય, જગત મિથ્યા''.

અહીં જગત બાબત મિથ્યા કહ્યું છે એનો અર્થ એવો નથી કે જગત ખોટુ છે; કે જગત નકામું છે. પરંતુ જગત માયાવી છે. એટલે જે વાસ્તવિક નથી તે આપણને સત્ય હોય તેવું ભાસે છે. આપણને ખોટી ભ્રાંતિમાં નાંખે છે કે રાખે છે. માયાનો અર્થ જ જે ના હોય છતાં હોય તેવો ભાસ થાય. 'મા' એટલે નથી અને 'યા' એટલે જે જે નથી તેનો હોવાનો ભાસ થાય, તે હોવાથી ભ્રાંતિ થાય તે માયા. તો આ માયા અને બ્રહ્મનો શો સંબંધ છે તે જાણવું જરૂરી છે.

બ્રહ્મ અને માયાને સમજવા પ્રથમ વાસ્તવિક શું અને અવાસ્તવિક શું એ સમજવું જરૂરી છે. માયા અને બ્રહ્મ બંને શબ્દાતીત છે, એક દૃષ્ટિએ અવાસ્તવિક હોવાથી જો શબ્દોથીજ સમજાવવા હોય તો કોઈ સરખામણી કરીને કે ઉપમાથી જ સમજાવી શકાય. જો

સ્વ. પૂર્ણિમાબેન સી. સોનીના અપ્રતીમ સ્મરણાર્થે
સૌજન્ય : શ્રી છબીલદાસ કે. સોની (સી. કે. સોની), શ્રીરામ લોજ, હિમ્મતનગર

કે ઉપમા માત્ર સમજવા માટે જ હોય, બાકી તેની સરખામણી તો થઈ જ ના શકે. માયા અને બ્રહ્મની સમજણ ખરેખર તો અનુભવથી જ થાય અને અનુભવનો આધાર વ્યક્તિ પર છે. ઉદાહરણ તરીકે ઘણાએ સૂર્યના તાપથી થતાં મૃગજળ જોયા હશે, તે એટલા બધા સાચા કે વાસ્તવિક લાગે છે કે જેણે અગાઉ જોયા નથી તે તો તેને સાચું જ જળ માને. એવી વ્યક્તિ પોતે તો એનાથી છેતરાય, એટલું જ નહિ, પણ બીજી વ્યક્તિ તેને એ મૃગજળ અવાસ્તવિક છે, ખોટું છે, ત્યાં જળ નથી એમ સમજાવવા પ્રયત્ન કરે તો તેને મૂરખ ગણે. એકજ વસ્તુ તેને ખાત્રી કરાવી શકે તે જાત અનુભવ કે જ્ઞાન, બીજુ કાંઈ નહિ. એ જ રીતે માયાનું સર્જન પણ ચૈતન્યરૂપી કે બ્રહ્મરૂપી જે જીવંત શક્તિ છે, તેણે જ કર્યું છે.

મૃગજળના માયાવીપણાની ખાત્રી એક જ વસ્તુ કરાવી શકે અને તે જ્ઞાન અથવા અનુભવ-જાત અનુભવ ! જેમ મૃગજળ જ્યારે સૂર્ય આકાશમાં હોય ત્યારે જ દેખાય છે અને સવારે સૂર્ય ઊગ્યા પહેલા અને સાંજે સૂર્ય આથમ્યા પછી ન દેખાય. એવી જ રીતે પુરુષ કે બ્રહ્મથી જ્યારે તેની જીવંત શક્તિ ખૂબ પ્રબળ હોય છે ત્યારે જ માયાનું સર્જન થાય છે. એટલે ફલિત થાય છે કે માયાનું અસ્તિત્વ ત્યાં સુધી જ હોય, જ્યારે બ્રહ્મ પોતાની શ્રેષ્ઠ સ્થિતિમાં હોય, અન્યથા નહિ. જ્યારે બ્રહ્મ સક્રિય બને છે ત્યારે માયા ઉત્પન્ન થાય છે. મૃગજળમાં કુદરતના સર્જનો તેના જુદાજુદા પાસા રૂપે દેખાય છે. તે તમામ અદૃશ્ય પણ થઈ જાય છે. અને તેનો લવલેશ ખ્યાલ પણ બાકી રહેતો નથી. જેમ સૂર્ય સક્રિય ના હોય ત્યારે સંપૂર્ણપણે ઝળહળતો નથી, તે જ રીતે જ્યારે બ્રહ્મ સક્રિય ન હોય ત્યારે માયાનું તમામ સર્જન અદૃશ્ય થઈ જાય છે. હકીકતમાં સૂર્ય કદી ઊગતો નથી કે આથમતો નથી, પરંતુ પોતાના પંથે એટલે કે પોતાની ભ્રમણ કક્ષામાં જ ભ્રમણ કરતો રહે છે. એટલે સૂર્ય નાશવંત નથી. કાયમી છે સનાતન છે, નિત્ય છે. જ્યારે માયા નાશવંત છે, હંગામી છે, અનિત્ય છે. એટલે જ માયાને આદિ અને અંત છે, માયાને જન્મ અને મૃત્યુ છે; પણ બ્રહ્મ એ જીવંત શક્તિ છે, એટલે કે તેનો જન્મ અને મૃત્યુ નથી તેને આદિ કે અંત નથી. એટલે સમજાય છે કે જેને જન્મ અને મૃત્યુ છે, આદિ અને અંત છે, જે ક્યારેક પણ નાશવંત છે, એ બધા ટુંકમાં મિથ્યા છે, એટલે કે માયા છે.

મૃગજળ સૂર્યથી સર્જાયું, એટલે કે એના અસ્તિત્વનો આધાર સૂર્ય છે, એજ રીતે એના અંતનો પણ આધાર સૂર્ય છે.એટલું જ નહિ પણ મૃગજળમાં સૂર્યનું પોતાનું પ્રતિબિંબ પણ પડે છે અને મૃગજળ ઉત્પન્ન કરવામાં ખૂબ વ્યસ્ત છે અને તેને મૃગજળમાં ખૂબ રસ છે અને તે દ્વારા આનંદ અનુભવે છે. ટુંકમાં તે માનશે કે સૂર્ય મૃગજળમાં સંપૂર્ણ પણે અટવાઈ ગયો છે. પણ સૂર્ય મૃગજળમાં અટવાઈ ગયો છે કહેવું સાચું નથી. સૂર્યને મૃગજળ સાથે કોઈ લેવા દેવા નથી. સિવાય કે તેના કિરણોથી મૃગજળ સર્જાય છે. એટલું જ નહિ પણ સૂર્યને મૃગજળની જાણ પણ કદાચ ન હોય. તેને તેમા નથી રસ કે આનંદ ! મૃગજળો સર્જાય છે કે નહિ, ટકે છે કે નહિ, અને નાશ પામે છે કે નહિ તે કશાથી સૂર્યને કાંઈ પડી નથી. એ જ રીતે બ્રહ્મ કે પરમાત્મા કે પરમ ચૈતન્ય, જે નામ દેવું હોય તે દો, તે માયામાં ન લોભાય, કે ન ગૂચવાય. તેને માયા સર્જાય તેનો હરખ નથી કે માયાનો નાશ થાય તેનો શોક નથી, તેમ તેને માયાના અસ્તિત્વની પડી નથી કે જાણ પણ નથી.

હવે એ વિચારીએ કે માનવીને માયાની જાળમાં શું ફસાવે છે અને તેમાથી કેમ નિકળાય કે મુક્ત થવાય ? જે લોકો અનુભવી નથી, એટલે કે જેમને જ્ઞાન નથી તે લોકો જ મૃગજળને સત્ય માને છે. આપણે જાણીએ છીએ કે સૂર્ય કે ચંદ્રનું પ્રતિબિંબ તળાવ કે બાલદીના શાંત પાણીમાં પડે છે ત્યારે નાના બાળકો માને છે કે સૂર્ય કે ચંદ્ર પાણીમાં પડી ગયા છે. આથી સ્પષ્ટ થશે કે અનુભવ યુક્ત જ્ઞાન જ એક માત્ર સાધન છે, જે માયાને દૂર કરી

**સ્વ. ધર્મિષ્ઠાબેન તરુણકુમાર દેખ્તાવાલાના સ્મરણાર્થે**
**સૌજન્ય : શ્રી તરુણકુમાર એમ. દેખ્તાવાલા, રેવા લોજ, વડોદરા**

શકે. એટલે કે માયાથી મુક્તિ મેળવવાનો એક માત્ર ઉપાય જ્ઞાન અને અનુભવ જ છે.

માયાને સર્જવી એ કાંઈ બ્રહ્મનું ધ્યેય નથી. બ્રહ્મ એ તો સમસ્ત જીવન અને તેને આવરતી શક્તિ છે. માયાની ઉત્પતિ આ શક્તિ અને ઉર્જામાંથી જ થાય છે. એટલે બ્રહ્મની શક્તિ સજીવ અને નિર્જીવ તમામ પદાર્થોમાં એક સરખી વહી રહી છે. એટલે કે માયાના તમામ સર્જનોમાં બ્રહ્મની જ શક્તિ વહે છે. એટલે સ્પષ્ટ થશે કે જો કોઈ સ્વયંપૂર્ણ હોય તો તે કેવળ બ્રહ્મ છે, એટલે કે સમસ્ત બ્રહ્માંડમાં અનંત રૂપોમાં અને અગણિત પદાર્થોમાં ભરેલું ચૈતન્ય. આ શક્તિ કે ઉર્જા કે ચૈતન્ય દૃષ્ટ કે અદૃષ્ટરૂપે રહે છે એટલે પરખાય કે ન પણ પરખાય, તે સક્રિય હોય કે નિષ્ક્રિય, પણ જગતમાં કે બ્રહ્માંડમાં એવું એકે સ્થળ નથી કે એકે ખૂણો નથી જ્યાં ચૈતન્ય ન હોય. આપણે સૌ વિજળી શક્તિથી તો પરિચિત છીએ. આપણે જુદી જુદી જાતના ઘણા ઉપકરણો વાપરીએ પણ છીએ. સામાન્ય રીતે પાવર હાઉસમાં કેટલી વિજળી બની તે આપણે જાણતા નથી હોતા, પણ જુદા જુદા કયા કામમાં તે આવે છે તે આપણે સૌ સારી રીતે જાણીએ છીએ. જ્યારે સ્વીચ દબાવીએ ત્યારે પાવર (વિજળી) વ્યક્ત કે છતો થાય છે. પછી તે પ્રકાશ દ્વારા પંખા દ્વારા કે વિજળીથી ચાલતા અન્ય સાધનો દ્વારા હોય. જો કોઈ કહે કે વિજળી શક્તિ તો પ્રકાશમાં જ છે કે પંખામાં જ છે અને તેમા લગાડેલા તારમાં નથી. તો તે ભલા વાત સાચી લાગે છે ? દેખીતું છે કે તે સાચું નથી. વિજળી શક્તિ બધા તારમાં વહે છે. પણ માત્ર દેખાય છે કે છતી થાય છે ત્યાં કે જ્યાં તેને વ્યક્ત થવાનું સાધન હોય એ જ રીતે બ્રહ્મ કે ચૈતન્ય પરમ ઉર્જાશક્તિ કે ઈશ્વર સર્વશક્તિમાન છે અને સમગ્ર વિશ્વમાં વ્યાપેલ છે, પરંતુ તેનું અસ્તિત્વ ત્યાંજ પ્રગટ થાય છે, જ્યાં એવો પદાર્થ હોય કે તેનું અસ્તિત્વ વ્યક્ત કરે. હવે સમજાશે કે માયા બ્રહ્મને વ્યક્ત કરે છે અથવા બીજી રીતે કહીએ તો માયા એ બ્રહ્મની અભિવ્યક્તિ છે.

હવે એ પણ સમજાશે કે કોઈ વસ્તુ કે વસ્તુઓ જે ચૈતન્ય કે બ્રહ્મને અભિવક્ત કરે છે તે જે પદાર્થની બનેલી હોય તે મુજબ વહેલી કે મોડી નાશ તો પામે જ છે, અને તેનો નાશ થવો નિશ્ચિત જ છે. કોઈ બલ્બ કે વિજળીનો ગોળો ઊડી જાય કે વિજળીનું કોઈ બીજુ સાધન બગડી જાય ત્યારે આપણે નવી વિજળી શક્તિ લાવતા નથી, પરંતુ બગડેલી વસ્તુને બદલે નવી વસ્તુ લાવીએ છીએ. આનો અર્થ એ થયો કે વિજળી કે પાવર શક્તિ તો જે છે તેજ છે અને તે હવે નવી વસ્તુ કે ઉપકરણ કે સાધન દ્વારા વ્યક્ત થાય છે. એટલે મહત્વની કે અગત્યની વાત વિજળીકે ઊર્જાશક્તિ છે, નહિ કે વસ્તુ કે જેને આપણે રીપેર કરીએ કે નકામી કે મૃત ગણીને ફેકી દઈએ છીએ. તેથી સમજી શકાય છે કે સૃષ્ટિમાં જુદા જુદા નામરૂપ ધરાવતી સજીવ કે નિર્જીવ વસ્તુઓની કશી કિંમત નથી. પરંતુ કિમત છે એમા વહેતી શક્તિની કે જે બધાને જીવતી રાખે છે, અને તે બધી વસ્તુઓમાં વ્યાપ્ત હોય છે એ છે પરમ ચૈતન્ય !

હવે આપણે એ પણ જાણીએ છીએ કે વિજળીના ગોળાની ઓછી-વત્તી શક્તિ મુજબ તે પ્રકાશ પણ ઓછો-વધતો આપે છે. એટલે વિજળીની શક્તિ વ્યક્ત કરવાની શક્તિનો આધાર વસ્તુ કયા પદાર્થની બનેલી છે અને તેમાં વિજળી શક્તિ પ્રગટ કરવાની ક્ષમતા પર આધાર રાખે છે. વસ્તુએ વસ્તુએ એ શક્તિ જુદી જુદી હોય છે. સૃષ્ટિમાં જે વ્યક્તિઓ પરમાત્માની શક્તિ વધુ પ્રમાણમાં વ્યક્ત કરી શકે છે તેને ''અવતાર'' કે 'સંત' 'સિધ્ધ' કે ''જીવન મુક્ત મહાત્મા'' ઈત્યાદિ કહે છે. શક્તિ વધુ વ્યક્ત કરવાનો આધાર વસ્તુ કે પદાર્થ જેમાંથી બની હોય તેની સૂક્ષ્મતા પર છે.

માનવી દ્વારા બ્રહ્મ કે ચૈતન્ય કે ઈશ્વરની અભિવ્યક્તિ કે તેના પ્રગટ થવાનો આધાર માનવીના જ્ઞાન અને સભાનતા પર છે. સૂર્યની ગરમી એક સરખી હોય છે, છતાં આપણને ઓછી-વધતી લાગે છે અને તે

**સ્વ. કલાબેન કાંતિલાલ પટેલના સ્મરણાર્થે**
**સૌજન્ય : શ્રી કાંતિલાલ પી. પટેલ, સનાતન લોજ, સૂરત**

અખિલ સૃષ્ટિને જુદી જુદી રીતે ઉપયોગી થાય છે. ઓછીવત્તી ગરમી લાગવાનું કારણ એ છે કે પૃથ્વીનું પોતાની કક્ષામાં ભ્રમણ જુદા જુદા ખૂણાથી થાય છે, વાતાવરણમાં ફેરફારો થાય છે અને બીજા ઘણા કારણો સર એ વધારો ઘટાડો અનુભવાય છે. આ બધાની સૂર્યની પ્રકાશ ફેંકવાની શક્તિ પર કશી અસર થતી નથી. એ જ રીતે બ્રહ્મ કે ચૈતન્ય કે જીવન શક્તિ સંપૂર્ણ છે. એક સરખી છે, તેમા વધારા ઘટાડારૂપી ફેરફારો થતાં નથી. કેટલાક કારણોસર ચૈતન્યમાંથી વહેતી શક્તિ આકાશ કે ખાલી જગ્યામાં પ્રસરે છે. તેને કારણે એવી સક્રિયતા રચાય છે જે માયાનું સર્જન કરે છે. સૂર્યનો પ્રકાશ અમુક અમુક જગ્યાએ તેને અનુકૂળ કારણો મળે ત્યારે મૃગજળ રચે છે. આખી પૃથ્વી પર સૂર્ય પ્રકાશ તો પડે છે પણ દેરેકે દરેક સ્થળે ઈંચે ઈંચ જમીન પર મૃગજળ રચાતા નથી. એ જ રીતે માયાનું સર્જન કે લય એ બ્રહ્મની જીવંત શક્તિમાં થતા વધારા ઘટાડાને કારણે નહિ, પણ આકાશ સાથે સંકળાયેલા કારણોને લીધે છે. તેથી સમજાય છે કે સૂર્ય પ્રકાશની જેમ જ્ઞાનનો પ્રકાશ ગુરુ કે સંતે કે જ્ઞાનીજન તરફથી સર્વત્ર સર્વના શુભ કે આત્મિક વિકાસ અર્થે ફેલાતો હોય, તો પણ દરેક વ્યક્તિ તેનો લાભ એક સરખી રીતે કે એક સરખા પ્રમાણમાં લઈ શકતા નથી. આવો લાભ તેને માટે તૈયાર થયેલ માનસિક ભુમિકાવાળા જ લઈ શકે છે.

જેમ ખેડૂત ચોમાસાના સારા વરસાદનો લાભ લેવા તેના ખેતરમાંથી જાળાં-ઝાંખરા દૂર કરે છે અને ખેતરમાં વ્યવસ્થિત ચાસ પાડી પ્રથમ તેમા ખાતર ઓળવે છે. જેથી વરસાદ થતાં જ બીજની વાવણી સમયસર થઈ શકે અને સારો પાક મેળવી શકાય. તેવી જ રીતે સંત કે સિધ્ધ મહાત્મા કે જ્ઞાનીજને કે ગુરુદેવ તરફથી મળતા જ્ઞાન રૂપી પ્રકાશ પામવો હોય તો આપણા અંતરમાં પડેલા સ્વાર્થ અહંકાર કામ, ક્રોધ, મોહ રૂપી જાળાં - ઝાંખરા દૂર કરી પ્રેમ, કરુણા, સંવેદનાના ખાતર ઓળી અને ભાતૃભાવ -મૈત્રીભાવ જેવા બીજા સદગુણોનું વાવેતર કરીએતો સર્વ પ્રત્યે સમભાવના રૂપી સુગંધીત પુષ્પો ખીલે અને તો જ બ્રહ્મવિદ્યાનો પ્રકાશ ઝીલી શકાય અને તેવી વ્યક્તિ સમગ્ર જગતમાં સૌના કલ્યાણમાં આ જ્ઞાન પ્રકાશ પાથરી શકે. આ દરેક માટે શક્ય છે પણ તે માટે દઢ સંકલ્પ કરી આચરણ કરવું જરૂરી છે.

આ માત્ર કલ્પના નથી. જેઓ આવી રીતે સક્ષમ બન્યા છે તેઓ આપણને આ રાહ ચીંધે છે. આવા ચીંધનારાને આપણે ગુરુ, સંત, મહાત્મા કે આદર્શ માનવ જે રીતે ઓળખીએ પણ તેઓના ચીંધેલા પંથે ચાલીશું તો એક દિવસ જરૂર આપણું જીવન પણ ધન્ય થઈ જશે. આવા જગતભરમાં પોતાના કાર્યથી સુગંધ ફેલાવી હોય તેવા માનવ પુષ્પો આપણી થિયોસોફિકલ સોસાયટીમાં ઘણા થઈ ગયા છે. આપણા ગુરુદેવોની કૃપાથી થિ.સો.ના આદ્યસ્થાપકો એચ.પી.બ્લેવેટસ્કી, કર્નલ એચ.એસ. ઓલકોટસાહેબ ડૉ. એની બેસેન્ટ બીશપ લેડ બીટર સાહેબ, એ.પી.સીનેટથી લઈ ડૉ.રાધાબેન બર્નીયર સુધીના પ્રમુખો તેમજ અન્ય નેતાઓ અને મહાન તત્ત્વવેતા જે.કૃષ્ણમૂર્તિ જેવા વિશ્વને પ્રભાવિત કરનારા દિવ્ય આત્માઓને આપણે જાણીએ છીએ. આ અંક આપના હાથમાં આવશે ત્યારે ૧૭મી ફેબ્રુઆરીએ ''અડયારડે'' નિમિતે આપણે સૌ આપણા આવા પવિત્ર માનવ પુષ્પોને યાદ કરી તેઓને સ્મરણાંજલિ આપીશું. પરંતુ સાચી સ્મરણાંજલી તો તેમના ચીંધેલા માર્ગ પર ચાલી તેમના કાર્યને આગળ ધપાવવા જેટલી યોગ્યતા પ્રાપ્ત કરવા ધગશ રાખીએ તે જ ગણાય ફરી આપણા આ નેતાઓને સાચો રાહ બતાવવા બદલ કોટી કોટી વંદન !

નરેશ ત્રિવેદી
(મો. ૯૮૭૯૦ ૬૫૨૦૦)

**સૌજન્ય : સ્વ. નિર્મળાબેન જી. સોનેજીના સ્મરણાર્થે !**
**સ્વ. શ્રી ઘનશ્યામભાઈ જે. સોનેજીના સ્મરણાર્થે, અમદાવાદ લોજ**

# ધી હિડન સાઈડ ઓફ ધી થીંગ્સ

વસ્તુઓની ગૂઢબાજુ

સી.ડબ્લ્યુ.લેડબીટરના પુસ્તક પર આધારિત

પ્રસ્તુતિ
શ્રી ધવલ શેઠ
રોહિત લૉજ

### છેતરપીંડીનું પરિણામ

ગૂઢ દૃષ્ટિ ધરાવનારની સામે બે બાબતો સ્પષ્ટપણે ઉભી રહે છે. પહેલું તો છેતરપીંડી કરનારે છેતરપીંડીની યોજના ઘડવા માટે માનસિક પરિશ્રમ કરવો પડે છે કે જે વિચારરૂપોને જન્મ આપે છે. કેમ જે આ વિચાર કપટપૂર્ણ અને ખરાબ ઈરાદાવાળો હોય છે. તેનાથી જન્મેલું વિચાર-રૂપ માનસિક શરીરને શૂષ્ક કરીને તેનો વિકાસ અટકાવે છે તેમજ તેના નિમ્ન કક્ષાનાં આંદોલનોને વધુ તીવ્ર બનાવે છે. પાર્થિવ જગતમાં થયેલો ગમે તેટલો લાભ માનસિક શરીરનાં આ નુકસાનને કોઈપણ રીતે ભરપાઈ નથી કરી શકતો પરંતુ તે આ પૂરતું જ સીમિત નથી.

બીજુ એ કે છેતરપીંડીનું આ કૃત્ય માનસિક શરીરમાં એક આદત ઊભી કરે છે. આ આદત માનસિક શરીરમાં એક ચોક્કસ પ્રકારનું કંપન પેદા કરે છે. આ કંપન ખૂબજ મજબૂતાઈ અને તીવ્રતાથી પેદા થયેલું હોવાથી તે પોતાને પુનરાવર્તિત કરવાની પ્રકૃતિવાળુ હોય છે. હવે પછી તે વ્યક્તિના વિચારો કોઈ નાણાંકિય વ્યવહાર તરફ જશે, ત્યારે તે છેતરપીંડી વિશે જ વિચારશે. તેના માટે પ્રમાણિક બનવું વધુ ને વધુ મુશ્કેલ થતું જશે. તો આ છેતરપીંડીનું એ કૃત્ય માનસિક શરીરમાં એવાં પરિણામો ઉભા કરે છે કે જેતે દૂર કરવા માટે વર્ષોની ધીરજપૂર્વકની તપશ્ચર્યાની જરૂર પડી જાય છે.

ચોક્કસ પણે આવી છેતરપીંડીથી થતાં લાભ કરતાં નુકશાન વધુ છે. ઉપર જણાવેલું વિશ્લેષણ એ કોઈ અનુમાન કે તુક્કો નથી પરંતુ હકીકત છે. મોટા ભાગનાં લોકો જીવનનાં બહોળા પરિણામથી અજાણ છે. બધાં મનુષ્યો આ બાબતને સમજી શકતાં નથી. પરંતુ આપણે આપણી વિવેક બુદ્ધિ લગાડીને બધાંજ પરિણામોને ધ્યાનમાં લીધા બાદજ આવા કૃત્યોથી થતાં લાભ અને નુકસાનનો ન્યાય તોળવો જોઈએ.

### વ્યક્તિઓ પ્રત્યેનાં પૂર્વગ્રહો

કોઈ ચોક્કસ વ્યક્તિ માટેના જન અભિપ્રાય માટે પણ આપણે સભાન રહેવું જોઈએ. કોઈ પણ વ્યક્તિ માટે જ્યારે કોઈ ખોટો જન અભિપ્રાય બંધાઈ જાય છે ત્યારે તેનાં વિચારરૂપો સર્જાતા હોય છે. આ વિચારરૂપો બહારથી આવેલા અજાણ્યા મનુષ્યને પણ તેજ રીતે વિચારતો કરી મૂકે છે. અજાણ્યો વ્યક્તિ પણ જે-તે વ્યક્તિને પૂર્વગ્રહની દૃષ્ટિથી જ જોતો થઈ જાય છે. જો આપણે સત્યને જણાવાની કોશીશ કરતાં હોઈએ તો આપણી જાતને આવાં અભિપ્રાયોની અસરથી બચાવવી જોઈએ. આપણે પોતાની જાતે ન્યાય તોડતાં શીખવું જોઈએ. બીજાનાં અભિપ્રાયો વગર વિચારે સ્વીકારી લેવાં તે ધર્મમાં જેમ અંધ શ્રદ્ધાને સ્વીકારી લેવામાં આવે છે તેવું છે.

### મિત્ર વર્તુળની થતી અસર

મનુષ્યનાં જીવનમાં તેનાં મિત્રોની સંગતનો ખૂબજ મોટો પ્રભાવ પડે છે. એવું કહેવાય છે કે વ્યક્તિ તેનાં મિત્રો દ્વારા ઓળખાય છે. આનો મતલબ એવો થાય છે કે વ્યક્તિ અમુક ચોક્કસ પ્રકારના વ્યક્તિઓને જ પોતાના મિત્રો તરીકે પસંદ કરે છે ; તે તેના મોટે ભાગે તેનાં મિત્રોના વિચારો સાથે સહમતીમાં હોય છે. આથી જ તે જે-તે પ્રકારના વિચારોને વધુ મજબૂત બનાવે છે. પરંતુ આ બાબતમાં આના કરતાં પણ બીજુ ઘણું છે. જ્યારે મનુષ્ય પોતાના મિત્ર સાથે હોય છે ત્યારે તે બધું ગૃહણ કરી શકે તેવાં ખુલ્લા મનનો હોય છે. તે પોતાના

મિત્રતા પ્રભાવની સામે પોતાની જાતને ખુલ્લી મૂકે છે. આથી તેના મિત્રમાં જે કોઈ પણ લાક્ષણિકતાઓ મજબૂતાઈથી વિકાસ પામેલી હોય તે લાક્ષણિકતાઓ આ સામેની વ્યક્તિમાં પણ વિકાસ પામે છે.

પાર્થિવ જગતમાં મિત્રની માન્યતાઓ પણ આપણાં પર અસર કરે છે. જ્યારે આપણે આપણી જાતને મિત્ર તરફ ખુલ્લી મૂકીએ છીએ ત્યારે બંન્નેનાં દિમાગનાં તરંગો એકબીજા સાથે મેળખાય છે. આપણને મિત્રનાં વિચાર-રૂપો ઘેરી વળી છે. તેમની અસર આપણાં ઉચ્ચ શરીરો પર પણ થાય છે. આ વિચાર-રૂપો સ્નેહની લાગણીવાળા હોય છે. આની અસર આપણી લાગણીઓ પર પણ પડે છે. અને તેથી જ આપણી તર્ક શક્તિ થોડી ઓછી સભાન બને છે. એક બાજુએ આનો પોતાનો ગેરફાયદો એ છે કે મિત્રનાં વિચારોને વગર વિચાર્યે જ સ્વીકારી લેવાય છે. અને બીજી બાજુ એનો ફાયદો એ છે કે સારાં વિચારોને યોગ્ય રીતે ગૃહણ કરવામાં આવે છે તો ડહ્યાપણભર્યો રસ્તો એ છે કે કોઈ પણ નવાં વિચારને જાણે તે કોઈ સાચાં મિત્ર તરફથી આવ્યો હોય તેવી રીતે સ્વીકારવામાં આવે અને જે-તે વિચારની જાણે તે કોઈ શત્રુ તરફથી આવ્યો હોય તેવી ચીવટતાથી તપાસ કરવામાં આવે.

### પ્રચલિત અંધશ્રદ્ધાઓ

એ બાબતનું ધ્યાન રાખવું જોઈએ કે અંધશ્રધ્ધાઓ ધાર્મિક બાબતો પૂરતી જ મર્યાદિત હોતી નથી. યુરોપનાં ઘણાંખરા ભાગમાં એવું માનવામાં આવતું હતું કે ચોખ્ખી હવા ઘરમાં કે રેલ્વેનાં ડબ્બામાં પ્રવેશવી ન જોઈએ-જ્યારે વિજ્ઞાન એવું કહે છે કે જીવન માટે ચોખ્ખી હવા જરૂરી છે. સૂર્યપ્રકાશ ઘણાંજ રોગજન્ય જીવાણુંઓનો નાશ કરે છે તેમજ વાતાવરણમાં ઊર્જા ભરી દે છે. આપણા ઘરમાં બને તેટલો સૂર્યપ્રકાશ પ્રવેશવો જોઇએ. એવાં પ્રદેશો કે જ્યાં સૂર્યપ્રકાશ ઓછો આવે છે ત્યાં તો જ્યારે આવે ત્યારે તેનો લાભ લેવો જોઈએ. તેનાથી ઉલટું તેનો લાભ લેવાના બદલે ઘણી ગૃહિણીઓ ઘરનાં બારી-બારણાં બંધ કરી દે છે કે જેથી સૂર્યપ્રકાશ ઘરમાં પ્રવેશી ન શકે. આની પાછળ પડદાં અને પાથરણાના રંગો સાથે સંકળાયેલી અંધશ્રદ્ધા છે. સૂર્યપ્રકાશથી રંગો ઝાંખા થઈ જાય છે અને અંધશ્રદ્ધાળુ દિમાગ સૂર્યપ્રકાશથી જે સ્વાસ્થ્ય અને સ્વચ્છતા વધે છે તેના કરતાં આ ઝાંખા થતાં રંગોને વધુ મહત્વ આપે છે. વિજ્ઞાનનો પ્રભાવ વધવાં છતાં પણ આવી અંધશ્રદ્ધાઓનું નિવારણ હજી પણ શક્ય બન્યું નથી.

વિકસીત કહેવાતા લોકોમાં પણ ઘણી અંધશ્રદ્ધાઓ પ્રવર્તમાન છે. ઘણા લોકો હજુ પણ શુક્રવારે નવું કાર્ય શરૂ કરતાં નથી તેમજ ૧૩ (તેર)નાં આંકડાને અપશુકનિયાળ ગણે છે. ઘણાં લોકો અઠવાડિયા કે મહિનાનાં અમુક દિવસોને પોતાના માટે અપશુકનિયાળ અને અમુક દિવસોને શુકનિયાળ ગણે છે અને પોતાનું જીવન તે પ્રમાણે જીવે છે. આવી ઘણી બધી ગેરમાન્યતાઓ બીંગ ગોલ્ડનાં **'Curious Myths of the Middle Ages'** માં આપવામાં આવેલી છે.

ગ્રહોની આપણાં પર થતી અસરોની પાછળ એક આખું વિજ્ઞાન છે કે જેને અવગણી ન શકાય આ અસરો કોઈ પણ કાર્યને સરળ કે અઘરું બનાવી શકે છે પરંતુ દૃઢ મનોબળવાળા મનુષ્ય પર તેની કોઈ અસર થતી નથી. એવું કહેવાય છે કે સમજુ માણસ પોતાના ગ્રહો પર કાબુ મેળવે છે અને મૂર્ખ પોતાનાં ગ્રહોને અનુસરે છે. આવી અસરોથી પ્રભાવિત થવું તે પણ અંધશ્રદ્ધાને પ્રોત્સાહન જ આપે છે.

### કૂથલીનો ડર

બીજા લોકો આપણાં વિષે શુ વિચારશે તે ડર સૌથી મોટો અને સૌથી ખતરનાક હોય છે. મોટા ભાગનાં લોકો પોતાનું જીવન બીજા લોકો શું માને છે તે પ્રમાણે વ્યતિત કરે છે. (અનુસંધાન પાન -૧૫ ઉપર)

પ્રસ્તુતિ

પ્રો. એચ.જી છીંકણીવાળા
અમદાવાદ લોજ

# બિન સાંપ્રદાયિક્તા (Secularism)

ભારતના બંધારણના આમુખમાં વપરાયેલો આ શબ્દ મૂળ લૅટિન **'Sacularis'** અંગ્રેજી રૂપાંતર **Secular** એટલે કે ધર્મ-નિરપેક્ષ (ધર્મ-વિરોધી નહીં) માંથી આવ્યો છે ઑક્સફર્ડ ડિક્ષનરીમાં એના ચાર મુખ્ય અર્થ આપ્યા છે તે જોઈએ : **(1) Concerned with the affairs of the world, not spiritual or sacred ; (2) (of education) not concerned with religion or religious belief (3) not ecclesiastical or monastic, i.e. not bound by a religious rule, (4) occurring once in an age or century, e.g. a secular priest** (બિન ધર્મી સાધુ) **'Secular'** ઉપરથી **Secularism, secularist, secularity, secularize, secularly,** શબ્દો બને છે. **Secularization** નો અર્થ **Sacrilege** એવો થાય છે જેથી ધર્મનું હનન, વિરોધ, હત્યા એવો થાય. **Secular** શબ્દના અંગ્રેજી પર્યાયો **(Synonyms)** પણ જોઈ લઈએ : **Worldly** (દુન્યવી), **terrestrial** (પૃથ્વીને લગતુ, પાર્થિવ સ્વર્ગને નહી) **mundane** = રોજીંદા જીવનને લગતુ, **temporal** = ક્ષણભંગુર, દૈહિક, વગેરે **material** = ભૌતિક પદાર્થને લગતું **(matter** વાળું **non clerical, non-ecclesiastic** એટલે કે **church** ની સાથે સંબંધ ના ધરાવતું **non-spiritual** અને છેલ્લો અર્થ **non-religious** એટલે ધર્મ રહિત જેનો અર્થ કાળે કરીને 'ધર્મ વિરોધી' પ્રચલિત બન્યો છે.

જે વ્યક્તિ ધર્મ સાથે જોડાય તે તેની બધીજ **Secular** માન્યતાઓને ત્યજી દે છે એવું એક વાક્ય છે. જો તમે કોઈ પણ ધર્મમાં માનતા હો કે તેને પાળતા હો, તો તમે **Secular** નથી; આવો મર્યાદિત અર્થ પણ કરવામાં આવે છે.

વખત જતાં આ અર્થમાં થોડાં ફેરફાર થયા છે હવે **Secular** ને ધર્મ-વિરોધી નથી ગણતા, પરંતુ ધર્મ-નિરપેક્ષ અથવા ધાર્મિક વિચારો કે માન્યતાઓથી 'અબાધિત' એવું સ્વીકારાય છે. પંડિત જવાહરલાલ નહેરૂ **Secular** હતા, જ્યારે ગાંધીજી વૈષ્ણવ ધર્મથી પુરા રંગાયેલા હતા. સરદાર પટેલે પણ સત્તાસ્થાને રહેવા છતાં સૌરાષ્ટ્રના સોમનાથ મંદિરના જિર્ણોધ્ધાર માટે પ્રયત્ન કર્યા અને કાર્ય પૂર્ણ કર્યું. મંદિર-નિર્માણને રૂઢ અર્થમાં **Secular** ના ગણાવાય, વિપરીત સંજોગોમાં એ પ્રતિષ્ઠાનો પ્રશ્ન બની શકે. **Secular** શબ્દનો અર્થ ધર્મ-વિરોધી કે અધ્યાત્મ-વિરોધી થતો નથી. અહીં ધર્મને તેના વ્યાપક વિશાળ અર્થમાં લેવો જોઈએ. ઉદાહરણ રૂપે શ્રીમદ્ ભગવદ્ ગીતામાં ૧૮ મા અધ્યાયમાં શ્રી કૃષ્ણ અર્જુનને સમજાવે છે કે ''તું બધા ધર્મોને ત્યજીને માત્ર મારૂં શરણ સ્વીકાર, ડર નહીં હું તને બધાજ પાપોથી મુક્ત કરીશ.'' અહીં શરીરના ધર્મો પ્રાકૃતિક ધર્મો, સઘળી ફરજો, ચિંતાઓ વગેરે છોડવાની વાત છે. ધર્મનો અર્થ અહીં કોઈપણ વિશિષ્ટ સંપ્રદાય કે વ્યક્તિ મૂલક ધર્મ થતો નથી, જે અર્થમાં સામાન્ય રીતે આપણો હિંદુ ધર્મ, ખ્રિસ્તી ધર્મ, શીખ, બુધ્ધ કે જૈન ધર્મ કે ઈસ્લામ, વગેરેની વાત કરીએ છીએ. વળી ધર્મનો વિચાર પાપના ફળ સાથે સંબંધ ધરાવે છે. **All religion is based on fear,** એવું કહેવાય છે, તેમાં પાપનો વિચાર પણ છે પવિત્ર પુસ્તક

---

**સૌજન્ય : શ્રીમતી સુશિલાબેન હરિવદન છીંકણીવાળા તથા પ્રો. શ્રી હરિવદન છીંકણીવાળા**

**Bible** માં પણ આદમ-ઈવના પ્રથમ પ્રેમને પાપ ગણ્યું છે **'Original Sin'** ! ગીતામાં ધર્મનો અર્થ ગહન છે, તે છીછરો અર્થ નથી. 'સત્યા ન્નાસ્તિ પરો ધર્મ' એમાં સત્યને ધર્મથી મહાન ગણાવ્યું છે. ધર્મનો અર્થપણ સત્યની જેમ કોઈ વ્યાખ્યામાં સીમિત થઈ શકે નહીં પ્રકૃતિના ગુણોને વશ રહેવું તેને પણ મનુષ્યનો ધર્મ કહી શકાય. તેથી આગળ વધવું તે અધ્યાત્મનો માર્ગ ગણાય. ધર્મને અધ્યાત્મથી અલગ જોઈ શકાય નહીં. જગતના બધાજ ધર્મોથી પર થવું કે મુક્ત રહેવું તેવો અર્થ કરીએ તો **Secular** શબ્દ પણ એક સંપ્રદાય બની જાય છે. જે અર્થમાં મુક્તિની ઈચ્છા પોતેજ એક બંધન બનીજાય છે, **Secular** નો સિક્કો (**Stamp**) તમને બધાથી અલગ પાડે છે, જે જોડે તે ધર્મ, જે અલગ કરે છે તેને અધર્મ ના કહી શકાય ? શબ્દોના અર્થની આવી મથામણમાં પડવાથી તો આપણે ધર્મથી દૂર થઈ જઈશું.

આ સંદર્ભમાં શ્રી દલાઈલામા (ચૌદમા)ના વિચારો પ્રસ્તુત જણાય છે. આજના યુગનો આ એક ઘણો મહત્વનો પ્રશ્ન છે. તથા સૌને માટે કસોટીના કોયડારૂપ છે. થિયો. સોસાયટીનો તો આ શબ્દ મજબૂત આધારસ્થંભ સમાન છે, જે વિશ્વ બંધુત્વ (**World Brothrhood**) ના આદર્શને વરેલી છે, જેની પ્રેરણા ભારતીય ધર્મગ્રંથો (ઉપનિષદો)ના "વસુધૈવ કુટુમ્બકમ્" માંથી મળેલી છે. સૌ ધર્મો પ્રત્યે સમભાવ તથા સહજ સહિષ્ણુતાના અભાવમાં આવા આદર્શને ચરિતાર્થ કરવાનું શક્ય ખરૂં ? આજેતો આપણા કૌટુંબિક જીવનમાં પણ આવી સહન શીલતા કે સહિષ્ણુંતાનો અભાવ જોવા મળે છે. જાણે કે માનવ-માનવ વચ્ચેના નિસ્વાર્થ પ્રેમને ગ્રહણ લાગ્યું હોય ! નિર્દોષ પ્રેમ-સંબંધો પણ હવે અસામાન્ય બન્યા છે. દેશ-દેશ વચ્ચે જ્યારે રાજકીય કે આર્થિક હરિફાઈના કારણે સ્વાર્થ-પ્રેરિત સંબંધોજ મહત્ત્વના બની રહે છે. રંગભેદને નાબુદ કરવા માટે અબ્રાહમ લિંકનને આંતરયુધ્ધકે (વિગ્રહ) (**Civil War**) નો સામનો કરવો પડ્યો હતો. આજે પણ બંધારણીય રીતે ભેદભાવ નાબુદ થયેલા હોવા છતાં કોઈ દેશની પ્રજામાં ઐકય જોવા મળે છે ખરૂં ? આજે સમગ્ર માનવજાત આર્થિક અસમાનતા, પરસ્પર-વિરોધી રાજકીય વિચારસરણીઓ (**ideologies**) વંશીય (**racial**) તથા ધર્મ-સંપ્રદાય આધારિત (**religious**) ભેદભાવો, વગેરેને કારણે વિભાજીત તથા દુઃખી છે. ધર્મો સૌને જોડવાને બદલે વિખૂટા પાડે છે.

શ્રી દલાઈલામાના વિચારો મુજબઃ ભારત દેશનું બંધારણ બિન-સાંપ્રદાયિક છે, જે ગૌરવ લેવા જેવી બાબત છે. સૌ ધર્મો પાળનારા પ્રતિ સમભાવ કે સમત્વ ! શ્રી દલાઈ લામાના મત પ્રમાણે **Secular** શબ્દના અર્થમાં **inclusiveness** (સમગ્રતા, સર્વગ્રાહીપણું) તથા **impartiality** (નિષ્પક્ષતા, અભેદભાવ) અભિપ્રેત છે. આવા વિશાળ અર્થમાં કોઈપણ ધર્મમાં માનનાર (**believers**) કે ન ના માનનારા (**non-believers**) નો પણ સમાવેશ થાય છે. ધાર્મિક માન્યતા ના ધરાવતા લોકો પણ સારા પ્રમાણિક નાગરિકો હોય છે. નિત્યકર્મમાં વિધિ-વિધાન, પાઠ-પૂજા, માળા, મંદિરમાં જવું, વગેરે ના કરનારા લોકોપણ સારા ધાર્મિક હોય છે. આવી માન્યતા શ્રી દલાઈ લામાના જણાવ્યા પ્રમાણે ભારતની પ્રાચીન સંસ્કૃતિ સાથે વણાયેલી છે, તથા આજે પણ તેજ માન્યતા વિધિમાં પ્રચલિત છે. જૂના સમયથી તે

**ૐ નિવા ઇચ્છા અંબુ શ્રીમતિ સુલોચનાબેન ગોવિંદભાઈ અં. મોદીના ૐ શ્રી રાધેકૃષ્ણ એકૈશ**
**સૌજન્ય : જયેશ, રૂપલ, કિશન, શ્રેયા, યશ (U.S.A.), મનીષ, નૈના, સૃષ્ટિ, અનુશ્રી શાહ પરિવાર, અમદાવાદ લોજ**

આજેપણ ચાલી આવે છે. **Secular** શબ્દ સાચા અર્થમાં પાશ્ચાત્ય (**Western**) નથી. તે આપણા વર્તનને લાગેલું વિદેશી લેબલ (**label**) છે. તેથી તેનો અર્થ 'ધર્મ-વિરોધી' જરાપણ ના થઈ શકે. આ શબ્દનો પ્રથમ પ્રયોગ યુરોપના ઈતિહાસમાં વિજ્ઞાનના ઉદય પછી થયો હતો. વિજ્ઞાનની શોધોને કારણે જડ માન્યતાઓને હડસેલીને નવા બુધ્ધિયુગનો જન્મ થયો. **Age of Reason !** જડ, ધાર્મિક કે રૂઢી ચુસ્ત માન્યતાઓને વૈજ્ઞાનિક વિચાર પધ્ધતિ સાથે મેળ બેસતો નથી. યુરોપના પ્રચલિત ધર્મોમાં ભૂત-પ્રેત, ચમત્કારો (**miracles**) વગેરેની માન્યતાઓ પ્રચલિત હતી, આવી માન્યતાઓ વિરૂધ્ધ જેમ જેમ વૈજ્ઞાનિક સમજનો ફેલાવો થતો ગયો, તેમ તેમ અંધશ્રધ્ધાનો વિલય થયો તથા ધર્મ-વિરોધી વિચારોનો પ્રચાર વધવા લાગ્યો. આથી ધર્મ નિરપક્ષતાનો ખ્યાલ પણ જન્મ્યો તથા સ્વીકારાવા લાગ્યો.

પરંતુ કાળેકરીને વૈજ્ઞાનિક દ્રષ્ટિકોણનો અર્થ અધાર્મિકતા અથવા ધર્મોનો વિરોધ એવો થવા લાગ્યો. ધર્મ-પુસ્તકોમાં શ્રધ્ધા ઘટવા લાગી તથા **Church** ની સત્તાના પાયા હચમચવા લાગ્યાં. ધર્માંધ રાજસત્તાને પણ પડકારવાના પ્રસંગો બન્યા, તથા અમુક વિરોધી માન્યતાઓને કારણે ઘણાને દેહાંત દંડની સજા પણ થતી. ફ્રાન્સ દેશની ખેડૂત કન્યા **Joan of Arc** ની ઘટના પ્રચલિત છે. જે યુરોપના ઈતિહાસની દુર્ઘટના છે. બર્નાર્ડ શૉના નાટક **Saint Joan** માં આ વિષયની સારી ચર્ચા છે. વળી ફ્રાન્સમાં થયેલી ઐતિહાસિક ક્રાંતિ કે **French Revolution** પણ આવું જ એક ઉદાહરણ છે.

શ્રી દલાઈલામા કહે છે. **"The French Revolution had a 'Strong anti-religious element'.** અન્ય રાજકીય, સામાજિક પરિબળો પણ મહત્વના હતાંજ. યુરોપના ઘણા વિચારકોના મત મુજબ ધર્મને કારણે માનવીની પ્રગતિમાં અવરોધ ઊભા થાય છે. વળી, મુક્ત સ્વતંત્ર સમાજની શક્યતા પણ ઘટી જાય છે. જર્મન વિચારક **Karl Marx** તો ધર્મને માનવીની ગુલામીનું કારણ ગણતા, તથા તેને અફીણ (**Opium**) સમાન ગણાવતાં, છતાં ધર્મને કે ધર્મ-નિરપેક્ષતાને પરસ્પર વિરોધી વિચારો ગણાવવા તે પણ ભૂલ-ભરેલું છે. ધર્મને સાંસ્કૃતિક મર્યાદાઓથી પર ગણી શકાય. સમગ્ર માનવ-જાતને એક સમાન ધર્મના હોય છતાં સૌ મૂળભૂત રીતે 'ધાર્મિક' વર્તનને સ્વીકારી શકે. 'માનવધર્મ' -**The Religion of Man !** મહાત્માગાંધી સાંપ્રદાયિક ન હોતા, છતાં પૂરા ધાર્મિક હતા. ધર્મને કારણે સંસ્કૃતિઓએ અદભૂત વિકાસ સાધ્યોં છે. ગાંધીજી દરરોજ સર્વધર્મ પ્રાર્થનાઓ યોજતા હતા. થિયો. સોસાયટીના અધિવેશનોમાં પણ સર્વધર્મના પ્રતિનિધિઓ પોતપોતાની વિશિષ્ટ પ્રાર્થના ગાય છે. બધા ધર્મો પ્રત્યે સમભાવ એક **holistic** વિચાર છે. નવી પેઢી તો ધાર્મિક માન્યતાઓને ઓછું મહત્ત્વ આપે છે. તેમની અન્ય સમસ્યાઓનો ઉકેલ થતો નથી. પ્રજા માટે આર્થિક સમસ્યાઓનો ઉકલેજ મહત્ત્વ ધરાવે છે. છતાં કોઈ ધર્મ નીચો નથી જ ! ધર્મ છે તો જીવન છે. જગતનો કોઈ ધર્મ અસત્ય પાપાચાર કે અન્યાયી આચરણનું સમર્થન કરતો નથી.

"સબકા માલિક એક" એવું જો સ્વીકારાય તો પછી પરસ્પર ભેદભાવ ને ભૂલાવી ના શકાય ? દયા-ધર્મનું આચરણ કદી સમાજ-વિરોધીના હોય. ફક્ત ભગવદ્‌ગીતાનો ધર્મ પણ માનવધર્મ બની શકે. !

મો. ૯૭૨૭૭ ૬૧૩૮૦

---

**સ્વર્ગસ્થ સવિતાબેન ડાહ્યાલાલ પંડ્યાના સ્મરણાર્થે**

**સૌજન્ય : શ્રી ઉમેશભાઈ ડાહ્યાલાલ પંડ્યા, હરજીવન (આશ્રમ) લોજ, કડોલી**

# સંતોષ એટલે કુદરતી સંપત્તિ અને આર્શીવાદ

પ્રસ્તુતિ
શ્રી કાંતિભાઈ પટેલ
ઉપપ્રમુખ ગુજ થિયો ફેડ

અબ્રાહમ લિંકને એક વાર કહયું હતું કે ''રિલેશનશીપમાં હંમેશા એકબીજાની કદર કરો, એકબીજાનો આદર કરો અને પછી એકબીજાને ચાહો. જો કદર અને આદર નહીં હોય તો એવા સીધાસાદા ચાહવાનો કોઈ અર્થ નથી''

કોઈની સાથે મિત્રતા કરવામાં ભલે વિલંબ કરો, પરંતુ એકવાર મિત્રતા થઈ જાય તો તેને જીવનભર પુરી નિષ્ઠાથી નિભાવવી રહી. દર વર્ષે જીવનમાંથી આપણે એક એક કરીને ખોટી ટેવ કે બૂરી આદત દૂર કરતા જઈએ તો એક દિવસ સારા બની રહીએ એવું બને ! જીવનમાં એક સારી બાબત જ્ઞાન છે અને ખરાબ બાબત અજ્ઞાન હોવું એ છે.

જ્યારે તમે કઈ ઈચ્છો, તે ન મળે ત્યારે દુઃખ થાય અને જે નથી ઈચ્છતા એ મળી જાય તો પણ મુશ્કેલી અનુભવતા હોઈએ એ સ્થિતિ વરવી ગણાય. કેમ કે જે વસ્તુ તમે ઈચ્છો તો મળે કે ના મળે પરંતુ સ્થિતિ કદીય કાયમ રહેતી નથી. જીવનનો રાહ હંમેશા આસાન હોય એવું બનતું નથી. જ્યારે પર્યટનમાં વાંકાચુકા અને આરોહ-અવરોહવાળા રસ્તા આવે ત્યારે એવા રસ્તાઓની જ મજા હોય છે. આપણી આસપાસ આજે ભૌતિક દુનિયાએ પકડ જમાવી લીધી છે. કોઈપણ સ્થિતિમાં પૈસાથી સારા ગુણ હાંસલ કરી શકાશે નહીં પરંતુ સારા ગુણોથી પૈસા જરૂર મેળવી શકાય છે. જ્યારે વ્યક્તિ પોતાના ગુસ્સા ઉપર કાબુ મેળવવાનું શીખી જાય છે ત્યારે તે વ્યક્તિ અન્યના ગુસ્સાથી પોતાની જાતને બચાવવાનું પણ આપોઆપ શીખી લેતો હોય છે.

જ્યારે આપણે ઈશ્વરને પ્રાર્થના કરીએ છીએ ત્યારે આપણી પ્રાર્થના માત્ર ઈશ્વરના આર્શીવાદ મેળવવા માટે જ હોવી જોઈએ. એ સિવાય બીજું કશુંક મેળવી ભવિષ્યની કામના માટે પ્રાર્થના હોવી જોઈએ નહીં. કારણ કે ઈશ્વરને હંમેશા ખબર હોય છે કે આપણા માટે સારું શું છે, અને શું નથી.

જ્યારે કોઈ વ્યક્તિ અન્ય વ્યક્તિને પોતાની ચાહત વિષે પ્રપોઝ કરે છે કે તે ચાહે છે. આ સંજોગોમાં વ્યક્તિએ પોતાની જાતને પહેલા ચાહે એ જરૂરી હોય છે. જો તમારી ભીતર જ પ્રેમ નહીં હોય તો તમે અન્ય બીજા કોઈને પ્રેમ કઈ રીતે, કેવી રીતે કરી શકવાના છો ? જો તમારી ભીતર પ્રેમના સ્થાને ઈર્ષા, નફરત, વેરઝેર, ઘૃણા ઈત્યાદિજ ભરેલા હોય તો તમે કોઈને પ્રેમ કઈ રીતે આપી શકશો. ?

એક સરસ મજાની વાત છે કે સંતોષ સંતૃપ્તિએ પ્રાકૃતિક સંપદા છે. સંતોષ એટલે કુદરતી સંપત્તિ અને આશિર્વાદ, જ્યારે વૈભવ, ભૌતિક સંપત્તિ અને ધન વગેરે તો કાળા માથાના માણસે જાતે જ બનાવેલી ગરીબી જ છે. ખરો ધાર્મિક તો એ વ્યક્તિ છે કે જે ઓછોમાં ઓછા સંસાધનોથી ચલાવી લેવાનું જાણતો હોય; ઓછી વસ્તુઓથી જેનું જીવન

**સૌજન્ય : શ્રી ફખરૂદ્દીનભાઈ ટી. કપાસી**
**ભાવનગર લોજ**

પસાર થઈ જતું હોય. તે વ્યક્તિ ગરીબ નહીં પરંતુ દુનિયાનો સૌથી ધનિક માણસ છે.

વ્યક્તિ પોતે પ્રેમાળ હોવાનો પુરાવો એટલો જ કે તેનું હૃદય પણ પ્રેમાળ હોય. તે વ્યક્તિનું હૃદય પણ પ્રેમાળ હોય, તે વ્યક્તિના હૃદયમાં ખુદ ઈશ્વરનો વાસ હોય છે. વ્યક્તિએ પોતાની જાતને ફક્ત બહારથી જ ભપકા અને ઠાઠથી સુંદર બનાવવાની જરૂર નથી. બલ્કે પોતાની ભીતર પણ સૌંદર્ય પ્રસારવાની જરૂર છે. ઈનર-બ્યુટીની વાત પાબ્લો પીકાસોએ કરી હતી. તમે ઈશ્વરને પ્રાર્થના કરી શકો કે ઈશ્વર તમને જેવા ભીતર છો તેવાજ બહાર પણ બનાવે ! વ્યક્તિ બહાર અને અંદરથી એક જેવા જ હોય એ ઈશ્વરના આશીર્વાદ વિના શક્ય બને નહીં. વ્યક્તિમાં ભીતરનું સૌંદર્ય, સાચું બૌદ્ધિક સ્તર એ સમયે જ આવી શકે જ્યારે વ્યક્તિ બુધ્ધ જેવી સમ્યક્ સ્થિતિમાં આવી જાય. વ્યક્તિ એમ વિચારવા લાગે કે દુનિયામાં હું કશું જ જાણતો નથી. એવો અહંકાર રહીત ભાવ પ્રગટે ત્યારે વ્યક્તિના ભીતરનું સૌંદર્ય આપોઆપ પ્રગટવા લાગે છે. સૌંદર્ય વિજ્ઞાનની ભાષામાં જેને આત્માનું સૌંદર્ય અથવા વ્યક્તિનું આભામંડળ, વ્યક્તિની આસપાસ રચાતી 'ઓરા' ત્યારે જ જોવા મળે જ્યારે વ્યક્તિ સર્વ પ્રકારના રાગ વિરાગથી મુક્ત બન્યો હોય.

"સંબંધમાં કોઈપણ એક પક્ષે ગરજ અથવા મતલબનો પ્રવેશ થાય ત્યારે સમજવું કે સંબંધને જીવલેણ બિમારી લાગુ પડી છે. એવો સંબંધ વેન્ટિલેટર પર મુકાઈ જતો હોય છે. ગમે ત્યારે સંબંધ મૃત્યુ પામે છે. ! "

મો. ૯૩૭૪૯ ૯૮૮૬૦

• • •

---

(ધી હિડન સાઈડ ઓફ ધ થીંગ્સ પાના-૧૦ ઉપરથી ચાલુ)

બીજાઓની માન્યતાને આપણે પારસમણિ ગણીએ છીએ. આપણી જાતને કદી પણ એ પ્રશ્ન નથી પૂછતાં કે બીજા લોકો જે માને છે તે મારે કરવું શું યોગ્ય છે ? માવન જેનાથી પીડાઈ રહી છે તેવી આ સૌથી ભયાનક ગુલામી છે. બીજાં લોકો શું માને છે કે વિચારે છે તેની આપણાં પર અસર ત્યારે જ પડે જ્યારે આપણે તેની પરવાનગી આપીએ. જો આપણે સજાગપણે એવું માનીએ કે બીજાંઓ શું કહે છે તે મારા માટે જરાંય મહત્વનું નથી તો આપણે તુરતજ આ ગુલામીમાંથી મુક્ત થઈ જઈએ છીએ. આ પાઠ ગૂઢ વિદ્યાના શિષ્યએ પોતાની પ્રગતિનાં શરૂઆતના તબક્કે જ શીખી લેવો જોઈએ. તે ઉચ્ચ ભુવનોમાં જીવે છે. અને માત્ર ઉચ્ચ બાબતો જ તેને અસર કરવી જોઈએ. તે વસ્તુઓની એવી ગૂઢ બાજુઓને નજરમાં લે છે કે જેનાં વિશે મોટા ભાગનાં લોકો કશુંજ જાણતા નથી. આ દષ્ટિકોણથી જ તે પોતાના માટે શું સાચું છે અને શું મોટું છે તે નક્કી કરે છે. ત્યારબાદ તે લોકો તેના વિશે શું વિચારે છે તે બાબતની જરાય પણ ચિંતા કરતો નથી. તેના માટે બીજા લોકોનાં વિચારો માથાની આજુબાજુ ફરતી માખી જેવાં તુચ્છ હોય છે.

મો. ૮૯૮૦૯૪૨૫૧૫

(ક્રમશ....)

# હાર્દિક અભિનંદન



રોહિત લોજના સભ્ય ડૉ. વિજયભાઈ પંડ્યા એ ગુજરાતી ભાષા-સાહિત્યના ઈતિહાસમાં સૌ પ્રથમવાર વાલ્મીકિ 'રામાયણ'ની સમીક્ષિત આવૃત્તિનો ગદ્યાનુવાદ કર્યો છે.

રાષ્ટ્રપતિ એવોર્ડથી માંડીને અકાદમી પુરસ્કાર સહિત અનેક એવોર્ડથી સન્માનીત સંસ્કૃત વિદ્વાન ડૉ.વિજય પંડ્યાએ ૨૦૦૪ થી ગદ્યાનુવાદ કરવાનું કામ આરંભ્યુ હતું. ૧૬ વર્ષની મહેનત પછી ૧૮૬૦૫ શ્લોકોનુ અનુવાદ કાર્ય પૂર્ણ કર્યું છે. સમીક્ષિત આવૃતિ વિશ્વભરની યુનિવર્સીટીના સંશોધકો અને તજજ્ઞો માટે આધારરૂપ સાબિત થાય છે. ડૉ. વિજય પંડ્યા અમદાવાદ લોજના નિયમિત વ્યક્તા છે. ગુજ.થિયો.ફેડ.ના હોદ્દેદારો તથા સૌ સભ્યો ડૉ. પંડ્યાને હાર્દિક અભિનંદન પાઠવે છે.

ડૉ. વિજય પંડ્યા મો. ૯૮૯૮૦ ૫૯૪૦૪

---

# જન્મદિનની શુભેચ્છા

મહા સૌજન્ય

અમદાવાદ લોજના સભ્ય પ્રો. ગોવિંદ બી. જોષીનો જન્મદિન તા. ૨૪ જાન્યુઆરી છે. તે નિમિત્તે 'થિયોસોફિક જ્યોતિ' ફંડ માટે રૂા. ૧૦૦૦/- રોકડા 'મહા સૌજન્ય' અર્થે આપે છે.

પ્રો. જોષી જણાવે છે, ''હું થિયોસોફિકલ સોસાયટીના સંપર્કમાં વર્ષ ૧૯૭૫ માં આવ્યો હતો. પ્રો. એ.બી.શેખ મારા ગુરુ-મિત્ર હતાં તેમને લીધે મને થિયોસોફિમાં ગહન રસ જાગ્યો હતો...''

'થિયોસોફિક જ્યોતિ' ના તંત્રીશ્રી ને સંબોધન કરીને જણાવે છે કે, ''આપશ્રીના પિતાશ્રીએ જીવન-પર્યંત થિયો. સોસાયટી નું કાર્ય કર્યું છે. આપશ્રીના સુપુત્રશ્રી ધવલ શેઠના નિયમિત 'થિયોસોફિક જ્યોતિ' માં આવતાં લેખ વાંચુ છું... રોહિત લોજના સર્વે સભ્યોને મારી યાદ આપશો. સર્વે સભ્યો માટે શુભેચ્છાઓ વ્યક્ત કરું છું.... ધન્યવાદ !''

પ્રો. ગોવિંદ બી. જોષી

## પ્રાર્થના

સ્મરણ તારું નિત્યજ કરી હું રહ્યો છું
ગણી કર્મ પૂજા કરી હું રહ્યો છું
મને કર્મમાં યાદ તારી છે હરપળ
વગર સ્વાર્થ સેવા કરી હું રહ્યો છું
ઘડી દેહ નશ્વર પ્રભુ-પ્રાણ પૂરે
રચે મોહ માયા રમી હું રહ્યો છું
અગન આ ચિતાની જલે આંખ સામે
સ્વજન આગ ચાંપે હસી હું રહ્યો છુ
થશે અસ્ત સૂરજ ઉદય છે સવારે
પુનર્જન્મ ચક્કર ફરી હું રહ્યો છું
કરું પ્રાર્થના પર્વ મૃત્યુ સમીપે
જલે જ્યોતિ જ્યોતે ભળી હું રહ્યો છુ
'કમલ' આંખભીની સજળ અશ્રુ સારે
પરમ્ દ્વાર ખોલો નમી હું રહ્યો છું !

પ્રસ્તુતિ
શ્રી કનુપ્રસાદ પાઠક 'કમલ'
રેવાલોજ, વડોદરા

## પ્રાર્થના

પ્રભુની નજરમાં મને સ્થાપવાનો
સમય આ ગમે છે તને પામવાનો
વધી જાય શ્રદ્ધા તને પામવાતો
નથી જન્મ ધરવો ફરી આવવાનો
ધરી દેહ નશ્વર પ્રપંચે ફસાયો
બધું દેખે ઈશ્વર જરુર વાળવાનો
વિષય વાસનાનો શિકારી બન્યો હું
પુનર્જન્મ ધરતાં સજા ધારવાનો
નજર ચોતરફનો ફરી દેખું ઈશ્વર
હશે ક્યાંક આહત મદદ આપવાનો
લીધો જન્મ તેને જ સાર્થક થવા દો
જીવનનુંસમર્પણ ભલે ને થવા દો !

મો. ૯૬૦૧૬ ૧૨૫૯૧

સ્વ. અંજનાબેન સોનેજીના સ્મરણાર્થે
સૌજન્ય : શ્રી ભાસ્કરભાઈ સોનેજી, અમદાવાદ લોજ

## શ્રદ્ધાંજલિ



*ડૉ. અભય યોગેન્દ્રભાઈ દેસાઈ*

ડૉ. અભય યોગેન્દ્રભાઈ દેસાઈ કે જેઓ ગિરનાર લોજ થિયોસોફિકલ સોસાયટીના આજીવન સભ્ય હતા. તેઓ કોરાના સામે ખૂબજ ઝઝૂમીને અંતે ૦૯-૦૧-૨૦૨૧ ના રોજ નાથ શરણ પામ્યા છે. તેમનો ડીપ્લોમા નંબર ૧૦૪૬૨૦ છે.

ડૉ. અભય યોગેન્દ્રરાય દેસાઈએ વેરાવળ ખાતે ૨૮ વર્ષથી ફીશરીજ કોલેજમાં પોતાની સેવા અને ફરજ બજાવી. તેઓ પ્રિન્સીપાલ અને ડીન તરેક ફીશરીજ કોલેજમાં કાર્યરત હતા. ફીશરીજ કોલેજને પાયામાંથી ઊભી કરીને વિશ્વ ફલક પર લઈ જવામાં તેમનો મહત્ત્વનો ફાળો હતો. તેમના માર્ગદર્શન હેઠળ ઘણાં વિદ્યાર્થીઓએ પી.એચ.ડી.ની પદવી પ્રાપ્ત કરી છે અને હાલમાં પણ તેઓની નીચે ઘણા વિદ્યાર્થીઓ પી.એચ.ડી અને માસ્ટર ડીગ્રીનો અભ્યાસ કરી રહ્યા હતા. થોડા સમયમાં જ તેઓ સેવા-નિવૃત થવાના હતા પરંતુ તેના પહેલાં જ તેઓ ઈશ્વર શરણમાં લીન થયા, પરમકૃપાળુ પરમાત્માની કળાને કોણ જાણી શકે છે ? સદ્‌ગતના પિતાશ્રી, આપણાં વડીલ તથા ગુજ.થિયો.ફેડ. ના ટ્રસ્ટી મુરબ્બી શ્રી યોગેન્દ્રભાઈ દેસાઈ, માતૃશ્રી ઉમાબેન દેસાઈ સદ્‌ગતના પત્ની રાજેશ્વરીબેન, ભાઈ શ્રી જ્યોતિષભાઈ તથા બહેનો શ્રીમતિ કાશ્મીરાબેન તથા શ્રીમતિ પારુલબેન સહ સર્વે કુટુબીજનોને ઈશ્વર આપત્તિની ઘડીમાં ધૈર્ય અને હિમ્મત આપે તેવી પરમકૃપાળુ પરમાત્માને પ્રાર્થના !

ગુજરાત થિયો. ફેડરેશન તથા શ્રી ગિરનાર લોજ દ્વારા સદ્‌ગતને શ્રધ્ધા સુમન અર્પવા શોક ઠરાવ પસાર કરવામાં આવ્યા છે. ઠરાવદ્વારા ફેડ પ્રમુખ મંત્રી, ફેડ. ની લોજોના તમામ સભ્યો તથા થિયોસોફિક જ્યોતિ સ્વર્ગસ્થના આત્માની સદ્‌ગતિ થાય તથા કુટુંબીજનોને દુઃખમાં સધિયારો પ્રાપ્ત થાય તે માટે પ્રભુને પ્રાર્થના કરીને શ્રધ્ધાસુમન અર્પે છે. (મુ.શ્રી યોગેન્દ્રભાઈ દેસાઈ મો. ૯૪૨૬૯ ૮૨૧૫૬)

---

અજયકુમાર સી.રાવ જજ ગુજ.હાઈકોર્ટ, અમદાવાદ સખેદ જણાવે છે કે તેમના પૂજ્ય પિતાશ્રી ચંદુલાલજીનું તારીખ ૨ જી ડિસેમ્બર - ૨૦૨૦ ના રોજ દુઃખદ અવસાન થયેલ છે. ગોધરા લોજના તેઓશ્રી સિનિયર સભ્ય હતાં ફેડ.ના તમામ સભ્યો સદ્‌ગતના આત્માને શાંતિ પ્રાપ્ત થાય તેવી પ્રાર્થના કરીને શ્રધ્ધાસુમન અર્પે છે.

---

**સ્વ. ચંદ્રિકાબેન વિજયકુમાર ભટ્ટના સ્મરણાર્થે**

**સૌજન્ય : શ્રી વિજયકુમાર જગદીશચંદ્ર ભટ્ટ, ગાંધીનગર લોજ**

# શાખા સમાચાર

## ઈ–મીટીંગ્સ

- **રોહિત લોજ, અમદાવાદ :- રોહિત લોજ દ્વારા દર શનિવારે સાંજે ૬ થી ૭ દરમિયાન આયોજીત ઈ–મીટીંગ્સ :**

ડીસેમ્બર ની ૨૬ મીએ ‘સાગર પંખી’ વિષે રેવાલોજના શ્રીમતિ પરવીનબેન પટેલ જાન્યુઆરી ૨૦૨૧ની ૨જીએ ‘જે કૃષ્ણમૂર્તિની રોજનીશી’ વિષે શ્રી હર્ષવદન શેઠ, ૯ મીએ ‘પુરુષોત્તમ યોગ, ભગવદ્ ગીતાનો પંદરમો અધ્યાય’ વિષે શ્રીમતિ દામીનીબેન મોદી, ૧૬મી એ ‘નારદભક્તિ સૂત્ર’ વિષે શ્રી રમેશભાઈ ડોલીઆ તથા ૨૩મી જાન્યુઆરીએ ‘સાગરપંખી’ વિષે શ્રીમતિ પરવીનબેન પટેલે પ્રવચનો કર્યા.

- **રેવા લોજ, વડોદરા : રેવા લોજ દ્વારા દર રવિવારે સવારે ૯.૩૦ થી ૧૦.૧૫ દરમિયાન આયોજીત ઈ-મીટીંગ્સ :**

ડીસેમ્બરની ૨૭મી એ યોગ રહસ્યો વિષે સુશ્રી રંજનબેન વૈદ્ય, જાન્યુઆરી - ૨૦૨૧ની ૩ જી એ ‘ધ્યાન - તેનો વૈજ્ઞાનિક અને વ્યવહારિક અભિગમ’ વિષે હિન્દીમાં રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય વ્યાખ્યાતા તથા યુ.પી અને ઉત્તરાખંડ ફેડરેશનના પ્રમુખ શ્રી યુ.એસ. પાંડે, ૧૦મી એ ‘અસ્તિત્વવાદ’ વિષે ડૉ. કિરણ શિંગલોત, ૧૭મી એ ડૉ. એની બેસન્ટ દ્વારા જાગૃતિ બૌધ્ધિક પ્રતિભા અને અધ્યાત્મ વિષે શ્રીમતી ચિતલબેન પટેલ તથા ૨૪મી એ ‘પથ પર પ્રકાશ’ વિષે શ્રી હર્ષદભાઈ દવેએ પ્રવચનો કર્યાં.

- **અમદાવાદ લોજ, અમદાવાદ :** જાન્યુઆરી -૨૦૨૧ દરમ્યાન ૬ ઠ્ઠીએ ‘સાધન ચતુષ્ટય યોગજીવન’ વિષે કુ. વર્ષા પટેલ ૧૩મી એ ‘શેક્સપિયરની નાટ્યકથા’ વિષે શ્રી કનુભાઈ સુથાર, ૨૦મી એ ‘સંત કબીર અને જે. કૃષ્ણમૂર્તિ’ વિષે શ્રી હર્ષવદન શેઠ તથા ૨૭મી એ ‘નારદ ભક્તિસૂત્ર’ વિષે શ્રી રમેશભાઈ ડોલીઆ એ પ્રવચનો કર્યાં.

- **સનાતન લોજ, સુરત :** જાન્યુઆરીની ૨૦મી એ નવી કારોબારીના સભ્યોનું ઠરાવ કરીને અભિવાદન કરવામાં આવ્યું. નવા ફેરફારો પ્રમાણે સહમંત્રી તરીકે શ્રી ચંદ્રકાન્તભાઈ સરડવા તથા કાઉન્સિલ મેમ્બર તરીકે શ્રી પ્રશાંતભાઈ શાહની વરણી કરવામાં આવી. ૨૭મી એ કુ. પ્રતિભાબેન પારેખે ભારત સમાજ પૂજા કરાવી.


RNI Code No. GUJ / GUJ / 2015 / 71878, dated 24-05-2017
Registered under Postal Registration No. AHD-C/80/2021/2023 valid upto 31st December-2023 issued by the SSPO'S Ahmedabad City Division, permitted to post at Ahmedabad PSO on 12th of every month.

**Printed Matter Periodicals** **THEOSOPHIC JYOTI** **February–2021**

**To :**

**If Undelivered Return to : HARSHAVADAN MOHANLAL SHETH**
**9 Apurva Bungalows, B/h. Sharda School, Bhuyangdev, Sola Road, Memnagar, Ahmedabad-380052.**

## આપણો પુસ્તક પ્રેમ...




ફેબ્રુઆરી માસમાં જે કૃષ્ણમૂર્તિને ખાસ યાદ કરીએ છીએ. ૧૭મી ફેબ્રુઆરી ૧૯૮૬ના રોજ કેલિફોર્નિયાના ઓહાઈ ખાતે અંતિમ શ્વાસ લીધાં.

આ પુસ્તક 'કૃષ્ણજીની રોજનીશી' મૂળ અંગ્રેજીમાં ૧૯૮૨માં પ્રકાશિત થયેલું તેની 'ફોરવર્ડ' પ્રસ્તાવના મેરી લીચન્સ દ્વારા લખાયેલ છે.

૧૯૭૩ના સપ્ટેમ્બરમાં કૃષ્ણજીએ અચાનક જ રોજનીશી લખવાનું શરૂ કર્યું. છ અઠવાડિયા સુધી દરરોજ લખતાં રહ્યાં તે વખતે બ્રોકવુડ પાર્ક માં રહેતા હતા. ત્યારબાદ અઢાર મહિના પછી ૧૯૭૫માં કેલીફોર્નિયા માં રહેતી વખતે આસપાસના વાતાવરણનું શબ્દ ચિત્ર લખવાનું શરૂ કર્યું. કુદરતી વાતાવરણનું તાદશ્ય અને વૈવિધ્યપૂર્ણ શબ્દ ચિત્રણ, તથા પોતાના નિરીક્ષણમાં થતા અનુભવોનું વર્ણન અને પોતાની જાતને "he" - તે વ્યક્તિ" તરીકેનું સંબોધન કરીને વર્ણનો ને વિશિષ્ટ સ્વરૂપ આપ્યું છે.

સામાન્ય અંગ્રેજી જાણતા લોકોપણ સહેલાઈથી સમજી શકે તેવું વર્ણન ખરેખર માણવા લાયક છે.

પ્રકાશક : શ્રી હર્ષવદન એમ. શેઠ
માલિક : ગુજરાત થિયોસોફિકલ ફેડરેશન, ભાવનગર-૩૬૪૦૦૧
મુદ્રક : નૈષધ પ્રિન્ટર્સ-વિક્રમભાઈ પટેલ નારણપુરા ગામ, અમદાવાદ-૩૮૦૦૧૩ ફોન : ૨૭૪૯૧૬૨૭, ૯૮૯૮૫૨૨૦૧૦

Printed and Published by HARSHAVADAN MOHANLAL SHETH on behalf of GUJARAT THEOSOPHICAL FEDERATION and Printed at Naishadh Printers, Nr. Municipal School, Naranpura Gam, Ahmedabad-380013 and published from GUJARAT THEOSOPHICAL FEDERATION, 9 Apurva Bungalows, B/h. Sharda School, Bhuyangdev, Sola Road, Memnagar, Ahmedabad-380052.
Editor - HARSHAVADAN MOHANLAL SHETH